ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૧૫ ટકા

# શહેરના વિદ્યાર્થી નિવિદ દેસાઈનું બુક-ફેર ખાતે વકતવ્ય

## અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા નેશનલ બુક ફેરમાં ઓથર્સ કોર્નરમાં વકતવ્ય માટે પસંદ થયા : ટૂંકી વાર્તા અને આલેખન ઉપરાંત નિવિદ દેસાઈ છેલ્લા એક વર્ષથી કવિતાઓ પણ લખે છે

ગાંધીનગર, તા.૫

અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા નેશનલ બુક ફેર ૨૦૧૭માં ગાંધીનગરના તરવરિયા નવ યુવાન નિવિદ દેસાઈએ 'ઓથર્સ કોર્નર'માં વકતવ્ય આપીને શહેરનું નામ રોશન કર્યું છે. નિવિદ દેસાઈએ 'અબ્સર્ડ લિટરેચર' વિષયે તેમનું વકતવ્ય આપ્યું હતું.

ગાંધીનગરના સેકટર-૭માં રહેતા નિવિદ દેસાઈ હાલ અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજ ખાતે અંગ્રેજી સાહિત્યના વિષય સાથે સ્નાતકના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે. તેઓએ તેમનું પ્રાથણિક શિક્ષણ ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં પ્રાપ્ત કર્યું હતું અને બાળપણથી સાહિત્ય પ્રત્યે રૂચિ ધરાવતા નિવિદ પોતે ધો-૧૧માં અભ્યાસ કરતા હતા ત્યારથી લખવાનું ચાલુ કરી દીધું હતું. તેઓ કવિતા, ટૂંકી વાર્તા તથા લેખ લખે છે અને અમદાવાદમાં આશરે ૨૦થી વધુ સાહિત્ય રસિક યુવાનો દ્વારા ચલાવાતા પોવેરા ગૃપ દ્વારા આયોજિત સાહિત્યને લગતા કાર્યક્રમોમાં કાવ્ય પઠન કરી ચુકયાં છે. નિવિદ દેસાઈના પિતા કેરવ દેસાઈ ડીસીબી બેંકમાં બેંકર છે અને માતા બીનાબેન દેસાઈ સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં શિક્ષિકા છે. નિવિદ દેસાઈ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં સાહિત્ય સર્જન કરે છે.

અમદાવાદ નેશનલ બુક ફેર ખાતે અમદાવાદ બુક કલબ દ્વારા 'ઓથર્સ કોર્નર' નામથી જુદા જુદા વિષયે સાહિત્યકારોના વકતવ્ય તથા સંગોષ્ઠિ યોજવામાં આવી રહી છે. ઓથર્સ કોર્નરમાં નિવિદ દેસાઈને અબ્સર્ડીઝમ ફિલોસોફી આધારિત 'અબ્સર્ડ લિટરેચર' વિષયે વકતવ્ય આપવા નિમંત્રિત કરાયા હતા. ઓથર્સ કોર્નરમાં વકતવ્ય આપનારા નિવિદ દેસાઈ કદાચ સૌથી યુવા સાહિત્યકાર છે. નિવિદે તેમના વકતવ્યમાં ગુજરાતી સાહિત્યકારો શિતાંશુ યશેશચંદ્ર મેહતા, લાભશંકર ઠાકર અને આદિલ મન્સુરી તેમજ ફ્રેન્ચ સાહિત્યકારો આલ્બર્ટ કમુ અને સેમ્યુઅલ બેકેટના સર્જનોને આધારિત રજુઆત કરી હતી. ખાસ કરીને તેમણે લાભશંકર ઠાકરના નાટક 'બાથટબમાં માછલી' તેમજ સેમ્યુઅલ બેકેટના નાટક 'વેઈટીંગ ફોર ગોદો'ને કેન્દ્રસ્થાને રાખી પોતાનું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું. ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં નિવિદ દેસાઈએ જણાવ્યું હતું કે અબ્સર્ડ સાહિત્ય એટલે જેમાં દેખીતો અર્થ ના નીકળતો હોય પરંતુ વિભિન્ન સ્તરે જુદા જુદા અર્થ તારવી શકાય તેવું અસિત્વવાદ અને વિસંગતતા આધારિત ફિલસૂફી પરથી જન્મેલું સાહિત્ય. તેમના મતે ગુજરાતી, અંગ્રેજી અને ફ્રેન્ચ સાહિત્યમાં અબ્સર્ડીઝમ ફિલોસોફીની અસર જોવા મળે છે.

### ગુજરાતીઓ છે ત્યાં સુધી ગુજરાતી ભાષા રહેશે

'ગાંધીનગર સમાચાર' સાથે વાત કરતા નિવિદ દેસાઈએ જણાવ્યું હતું કે આજની યુવા પેઢી વિચારશીલ છે અને સાહિત્યમાં પણ એટલો જ રસ લે છે. અને યુવા સાહિત્યકારો વૈશ્વિક સ્તરે વંચાય છે એટલે જયાં સુધી ગુજરાતીઓનું અસ્તિત્વ છે ત્યાં સુધી ગુજરાતી ભાષા જીવંત રહેશે.





### ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલમાં હોસ્ટિંગ કરી ચૂકયા છે

વર્ષ ૨૦૧૬માં અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલમાં પણ નિવિદે હોસ્ટિંગ કર્યું હતું અને સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમાના અનાવરણ પ્રસંગે પણ તેઓ હોસ્ટિંગ કરી ચુકયાં છે. તેઓ ભવિષ્યમાં ભાષા અને સાહિત્યની નજીક રહી શકાય તેવી જ કારકિર્દી ઘડવા માંગે છે.

# ચ-માર્ગ પર આઈપીએસની કાર અને બાઈક વચ્ચે અકસ્માત

## ફાયરબ્રિગેડની એમ્બ્યુલન્સમાં બાઈક સવાર દંપતિને હોસ્પિટલ ખસેડાયું : બાઈક ચાલક સામે ફરિયાદ







ગાંધીનગર, તા.૫

શહેરના ચ-માર્ગ પર વિધાનસભાની સામે ગઈ મોડી સાંજે આઈપીએસ બ્રજેશ જહાની સરકારી ગાડી જીજે ૧૮ જી ૫૬૫૭ને બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. બ્રજેશ જહા સરકારી ગાડીમાં ચ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સાહિત્ય અકાદમી પાસે લાઈબ્રેરી તરફના વળાંક બાજુ એક બાઈક અચાનક વળ્યું અને તે બાઈક તથા સરકારી ગાડી ટકરાઈ ગઈ હતી.સે-૧૭ની ૧૦૮ એમ્બ્યુલન્સ કૉલ પર ગઈ હોવાથી ફાયર ઓફીસરે તાત્કાલીક ફાયર બ્રિગેડની એમ્બ્યુલન્સ દોડાવી ઘાયલ બાઈક સવાર પતિ-પત્નિને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા. આઈપીએસના રક્ષક એસઆરપી જવાન સુરેશભાઈ માંછેરની ફરિયાદ આધારે સે-૨૧ પોલિસે જીજે ૧ સીએચ ૫૩૧૧ નંબરના બાઈક ચાલક સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

# હોસ્પિટલમાં પીજી ઈન્સ્પેકશનને પગલે ૧૦ ડોક્ટર્સને તેડાવાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મેડીકલ કોલેજમાં આગામી વર્ષથી પીજીનો અભ્યાસક્રમ શરુ કરવા માટે તંત્ર દ્વારા કમર કસવામાં આવી રહી છે. પીજી માટે દિલ્હી દરખાસ્ત મોકલવામાં આવતા જ આગામી સપ્તાહમાં ઈન્સ્પેકશન આવે તેવી શકયતાઓ પ્રબળ બની છે. જેને પગલે રાજયની અન્ય હોસ્પિટલમાંથી અંદાજીત ૧૦ ડોકટર્સને તેડાવાયા છે. જયારે પીજી માટે આવનાર આ પ્રાથમિક ઈન્સ્પેકશનની તૈયારીઓ પણ તંત્ર દ્વારા પુરજોશમાં શરુ કરી દેવાઈ છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. તાજેતરમાં કોલેજના તબિબિ વિદ્યાર્થીઓની એક બેચ પણ બહાર આવી ગઈ છે. કોલેજ અને હોસ્પિટલને કરોડો રૂપીયાના ખર્ચે આધુનિક બનાવાઈ છે. ત્યારે દર્દીઓને વધુ લાભ મળી રહે તે માટે કોલેજ તંત્ર દ્વારા પીજીનો અભ્યાસક્રમ શરુ કરવા માટે દિલ્હી આરોગ્ય વિભાગમાં દરખાસ્ત કરાઈ છે. જેને અનુલક્ષીને પ્રાથમિક કક્ષાનું ઈન્સ્પેકશન આગામી સપ્તાહમાં આવવાની શકયતાઓ છે. હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કોલેજમાં પીજીના અભ્યાસક્રમ મુજબ જરુરીયાત ડોકટર્સની ઘટ જણાતા અન્ય મેડીકલ કોલેજમાંથી વિવિધ વિભાગના અંદાજીત ૧૦ ડોકટર્સને તેડાવ્યા છે. પાટનગરની મેડીકલ કોલેજમાં પીજી માટે ઈન્સ્પેકશન ગમે તે ઘડીએ આવી શકે તેવી સંભાવના હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી છે. સિવિલમાં જરુરી ખુટતી ચીજવસ્તુઓ પણ લાવી દેવામાં આવી છે. ત્યારે આજે હોસ્પિટલ સંકુલનો રાઉન્ડ તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયક, આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ,ડે.આરએમઓ ડો.કલ્પેશ જશપરા સહિત ટીમ દ્વારા લેવામાં આવ્યો હતો. જેમાં ઓપીડી બિલ્ડીંગ, ઈન્ડોર બિલ્ડીંગ સહિતના સ્થળોએ ફરીને નિરીક્ષણ કર્યું હતું.

## @ગાંધીનગર

● લિમ્બચ ધામ સે-૧૩ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન માર્ગદર્શન સેમિનાર યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર ખાતે શુક્રવારે જેસીઆઈના નેશનલ પ્રેસિડેન્ટ રામકુમાર મેનન પધાર્યા હતા. જેમના માનમાં યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત જેસીઆઈના પાસ્ટ પ્રેસિડેન્ટ ડૉ. હસમુખ નાયકનું રામકુમાર મેનને વિશેષ સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડૉ. નાયકે રામકુમાર મેનને તેઓ કોચીન જેસીઆઈના પ્રતિનિધિ હોવાને પગલે ભારતીય જેસીઆઈની નેશનલ બેઠક જે કોચીન ખાતે યોજાઈ હતી તેમાં હાજરી આપ્યાનો પ્રસંદ યાદ કર્યો હતો.

● ચિલોડાથી ગાંધીનગર તરફ આવતા માર્ગે પાલજ તરફ જવાના માર્ગે આવેલ બમ્પ પાસે એક ઈનોવા કારને આયશર ટ્રકે પાછળથી ટકકર મારી હતી. બમ્પ પાસે ગાડી બ્રેક થવાને પગલે સર્જાયેલા આ અકસ્માતમાં સદભાગ્યે વાહનો સિવાય અન્ય કોઈને ઈજા થવા નહોતી પામી.

### સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની દર મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી માસિક બેઠક તા. ૮મી મે ૨૦૧૭ના રોજ સંસ્થાના પ્રમુખશ્રીની અનુપસ્થિતિમાં કાર્યકારી પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષ સ્થાને સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજે પાંચ કલાકે મળશે. જેમાં સભ્યો તરફથી રજુ થતા સાંપ્રત પ્રશ્નોની ચર્ચા થશે તો પદાધિકારીશ્રીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓને ઉપરોકત બેઠકમાં હાજર રહેવા મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

### જેસીઆઈ દ્વારા સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૫

જેસીઆઈ ગાંધીનગર દ્વારા બાળકો માટે વેકેશનમાં તા. ૮-૫-૨૦૧૭થી તા.૧૦-૫-૨૦૧૭ બે દિવસ દરમિયાન સવારે ૧૦થી ૧૨ સુધીમાં સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કવીલીંગ, કૂકીગ, ડ્રેઈંગ આર્ટ એન્ડ ક્રાફટ, યોગા, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ વગેરે બાળકોને શીખવવામાં આવશે તથા બહેન માટે ૧૦મેએ કોમ્પ્યુટરની જાણકારી માટે સેમિનાર રાખવામાં આવ્યો છે એવું સંસ્થાના પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ જણાવ્યું છે. વધુ માહિતી માટે જેસી રોનક પંડયા તથા જેસી મિતાલી ત્રિવેદીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ઋષિકેશ મહેતા**
સાઉન્ડ એન્જિનીયર

**ગાંધીનગર ગમે**

કુદરતી સુંદરતા, માનવસર્જિક સગવડતા, મોકળાશ, સ્વસ્થ વાતાવરણ અને કલાપ્રેમી નાગરિકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, શિસ્તબદ્ધ, સ્ટેટ ફૉરવર્ડ અને સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરની કલા અને સેવા પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્સ, જીઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

કલાની બાબતોમાં જેમ યુવાઓનું યોગદાન વધુ છે તેમ સેવા અને શહેરના સંચાલનની બાબતોમાં પણ યુવાઓનું યોગદાન વધે તેવા પ્રયાસો કરવા જરૂરી જણાઈ રહ્યા છે.

**નગર માટે હું કરી શકું**

કલાસંવર્ધન માટે મારી સઘળા પ્રકારની સહાય પૂરી પાડવા માટે હું તૈયાર, તત્પર છું.

# રાંધેજાના તળાવમાં ૧૯ વર્ષીય યુવતીનો આપઘાત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીને ગઈ કાલે પોતાના ઘરમાં ઘરકામ બાબતે સામાન્ય ઝગડો થતા ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર ચાલી ગઈ હતી. રાંધેજા તળાવ પાસે પહોંચી ગયેલી આ યુવતીએ તળાવમાં પડતું મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બહિયલના તરવૈયાઓની ટીમે આજે બપોરે તળાવમાંથી મૃતદેહ કાઢી પરિવારજનોને સોંપ્યો હતો. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરુ કરી છે.

રાંધેજા ગામમાં રહેતી ૧૯ વર્ષીય સંગીતા બાબુભાઈ દંતાણીએ વર્ષો પહેલા માતા પિતાની છાયા ગુમાવી દીધી હતી. પોતાના ભાઈઓ સાથે રહેતી સંગીતાને ગઈ કાલે ઘરકામ બાબતે સામાન્ય ઝગડો થયો હતો લાગી આવતા કોઈને કાંઈ કહ્યા વગર સંગીતા ઘર છોડીને ચાલી ગઈ હતી. સમી સાંજે રાંધેજા સ્થિત ખાણીયા તળાવ પાસે પહોંચી ગયેલી સંગીતાએ તળાવમાં છલાંગ મારી દીધી હતી. ફાયરબ્રિગેડની ટીમે ગઈ કાલે સાંજે શોધખોળ કરી પરંતુ સગડ મળ્યા ન હતા. આજે સવારથી બહિયલના તરવૈયાઓની ટીમ શોધખોળ કરી રહી હતી ત્યારે બપોરે સંગીતાનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો હતો. પેથાપુર પોલીસ મથકના જમાદાર વિજયસિંહે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# ખોરજ સુરમ્ય બંગલોઝમાં ક્રિકેટ સટ્ટો રમાડતા બે બુકીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-વૈષ્ણોદેવી માર્ગ પર આવેલા ખોરજ ગામની સીમમાં સ્થિત સુરમ્ય બંગ્લોઝ ખાતે આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડવામાં આવી રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ રાત્રે એલસીબી અને આરઆરસેલની ટીમોએ દરોડો પાડી બે બુકીઓને રંગે હથ ઝડપી પાડયા હતા. રૂ. ૩.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી અમદાવાદના બંને બુકીઓની ધરપકડ કરી લઈ અડાલજ પોલિસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. નોધનીય બાબત છે કે બબ્બે એજન્સીઓ ક્રિકેટ સટ્ટાનો દરોડો પાડી ગઈ પરંતુ સ્થાનિક અડાલજ પોલિસ ઊંઘતી રહી ગઈ હતી.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે તેમની ટીમને આઈપીએલ ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બુકીઓને પકડવા સુચનાઓ આપી હતી. ગઈ મોડી સાંજે એલસીબી પીએસઆઈ એચ.કે. સોલંકી અને આરઆર સેલ કે.ડી. બારોટની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ખોરજ ગામની સીમમાં આવેલા સુરમ્ય-૧ બંગ્લોઝ નં. એ -૭૩માં આઈપીએલ સીઝનની દિલ્હી ડેરડેવીલ્સ અને ગુજરાત લાયન્સ વચ્ચેની ૨૦-૨૦ મેચમાં સટ્ટો રમાડાઈ રહ્યો છે જેને આધારે બંને એજન્સીઓ એક સાથે બાતમીવાળા સ્થળે પહોંચી અને બંગ્લોમાં દરોડો પાડી બે શખ્સોને રંગે હાથ પકડી પાડયા હતા. મોટેરા ખાતે વિઠ્ઠલ એ સ્કેવરમાં રહેતા વરૂણ રાજેન્દ્ર ભાટીયા તથા મેમનગર સ્મિતા ટાવર ખાતે રહેતા પિયુષ દિનેશ ઠકકર બંને અમદાવાદના બુકીઓને રોકડ રૂ. ૨૫,૭૭૦ તથા ટીવી અને હોન્ડાસીટી કાર મળી રૂ. ૩,૭૩,૭૭૫ના મુદ્દામાલ સાથે દબોચી લેવામાં આવ્યા હતા. જો કે બબ્બે એજન્સીઓ ક્રિકેટ સટ્ટાની રેડ કરી ગઈ પરંતુ અડાલજ પોલિસ ઉંઘતી રહી ગઈ હતી.



# પહેલી દિકરીના જન્મદિને જ કુદરતે આપી વધુ બે દિકરીની ભેટ...!!

## શહેરની ડીએસપી કચેરી ખાતે ફરજ બજાવતા ડી.જી. ટુંડિયાનો આનંદ ત્રેવડાતા દિકરીની જન્મદિનની પાર્ટી પણ નર્સિંગ હોમ ખાતે જ આયોજિત કરાઈ

(સમીર રામી દ્વારા)

ગાંધીનગર, તા.૫

જયારે તમારા ઘરમાં એક દિકરી હોય, જેના જન્મ દિવસની ઉજવણીનું તમે હર્ષપૂર્વક આયોજન કર્યું હોય ત્યારે ઈશ્વર તમને તેજ દિવસે વધુ બે દિકરીની જોડિયાં બાળકો સ્વરૂપે ભેટ આપે ત્યારે કેવો અજબ સંયોગ રચાય? દિકરીને લક્ષ્મી સ્વરૂપ માની દર વર્ષે તેનો જન્મદિવસ ભારે ધામધૂમથી ઉજવતા શહેરના એક પોલિસ કર્મી પિતાને પ્રભુએ પહેલી દિકરીના ચોથા જન્મદિવસે જ જોડિયા બાળકીઓના સ્વરૂપમાં વધુ બે દિકરીઓની અનોખી ભેટ આપતાં તેમનો આનંદ ત્રણ ગણો થઈ જવા પામ્યો છે. આ આનંદ સાથે તેમણે દિકરીની બર્થડે પાર્ટીને પણ ત્રણ ગણી વધુ મોટી આયોજિત કરી હતી અને તે પણ નવી જન્મેલી દિકરીઓ જે નર્સિંગ હોમ ખાતે દાખલ કરી હતી ત્યાં જ..!!

ગાંધીનગરના સે-૨૭માં ડીએસપી કચેરી ખાતે કાર્યરત આરએસએલ અધિકારી ડી.જી. ટુંડિયા તથા તેમના ધર્મપત્નિ કામિનીબેનને સંતાન સ્વરૂપે 'સૌરભી' નામની દિકરી હતી તે તા. ૨૫મી એપ્રિલ ૨૦૧૪ના રોજ જન્મી હતી. સે-૨૧ની પોલિસ લાઈનમાં રહેતા ડી.જી. ટુંડિયા દર વર્ષે કોલોનીના કોમન પ્લોટ ખાતે સ્નેહીજનોને જમાડી દિકરીનો જન્મ દિવસ ઉજવે છે. આ વર્ષે પણ તેમણે તેજ સ્થળે સૌરભીની જન્મદિવસની પાર્ટીનું આયોજન કર્યું હતું. જો કે જોગાનુજોગ આ સમયે તેમના ધર્મપત્નિ કામિનીબેન પુનઃ ગર્ભવતી હતા અને ડિલીવરીનો સમય પણ નજીક આવેલો હતો. બરાબર સૌરભીના જન્મદિનની વહેલી પરોઢે જ કામિનિબેનને લેબરપેઈન ઉપડયું હતુ અને તેમને તુરંત સે-૨૯માં ખાનગી નર્સિંગહોમ ખાતે લઈ જવાયા હતા જયાં તેમણે વહેલી સવારે ૬.૫૩ તથા ૬.૫૪ કલાકે જોડિયા બાળકો સ્વરૂપે બે દિકરીઓને જન્મ આપ્યો હતો. પ્રથમ દિકરીના જન્મ દિવસે જ બીજી બે દિકરીઓનો જન્મ થતા ટુંડિયા પરિવારનો આનંદ બેવડાઈ ગયો હતો. આ સાથે ડી.જી. ટુંડિયાએ સૌરભીની જન્મદિનની પાર્ટીને વધુ મોટી કરી બરાબર નર્સિંગ હોમની બાજુમાં જ આવેલા ખુલ્લા પ્લોટમાં નવેસરથી આયોજન કરી દીધું હતું અને વધુ મહેમાનોને નિમંત્રિત કર્યા હતા. આમ નર્સિંગ હોમ ખાતે જ જન્મદિવસની પાર્ટીનું આયોજનનો કદાચ આ પ્રથમ કિસ્સો હશે. નર્સિંગ હોમ ખાતે પાર્ટી યોજવા પાછળ તેમનો હેતુ અન્ય બે દિકરીઓ તથા તેમની માતા પણ આ પાર્ટીમાં સામેલ થઈ શકે તેવો હતો.

### ત્રણેય દિકરીઓનો જન્મ સમય પણ ખૂબ નજીકનો

ડી.ડી. ટુંડિયાની સૌથી મોટી દિકરી સૌરભી વર્ષ ૨૦૧૪માં ૨૫મી એપ્રિલે સવારે ૬.૪૫ વાગે જન્મી હતી જયારે તેના ચોથા જન્મદિને જન્મેલી બંને દિકરીઓનો જન્મ સમય અનુક્રમે ૬.૫૩ અને ૬.૫૪ વાગ્યાનો છે જે આશરે ૮-૯ મિનિટનો તફાવત ધરાવે છે. ગજબ સંયોગ ધરાવતી આ જોડિયા દિકરીઓના તેમણે દુર્વા અને દ્વિષા નામ રાખ્યા છે અને બંને દિકરીઓ સંપૂર્ણ સ્વસ્થ છે.



### અવસાન નોંધ

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતે રહેતા મુકુન્દભાઈ વીડજાના પુત્ર ચિંતન વીડતાનું તા. ૨જીમેએ દુઃખદ અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૭મી મે રવિવારે સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન સે-૧૬માં સિધ્ધાર્થ લો કોલેજ સામે આવેલ માધ્યમિક શાળા ખાતે રાખવામાં આવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. ઉદેસિંહ મુલસિંહ ચૌહાણ, ઉ.વ. ૯૦
- સ્વ. વસરામ લાલજીભાઈ મકવાણા, ઉ.વ. ૯૪
- સ્વ. ભીખાભાઈ કેશાભાઈ ગઢવી, ઉ.વ. ૭૫
- સ્વ. વિવેકસિંહ રામ અકબાલસિંહ, ઉ.વ. ૨૨